## Knowledge Consortium of Gujarat (KCG)
## Opp: PRL, Between LDCE and Girl's Polytechnic, Ahmedabad

### મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
### શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં નવી તથા રીન્યુઅલ સહાય માટેની ઓનલાઈન અરજીઓ બાબત

શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવ મુજબની પાત્રતા ધરાવતા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ડીપ્લોમા / સ્નાતક અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અથવા ડીપ્લોમાની પરીક્ષા પાસ કરી ડીગ્રી અભ્યાસક્રમના (ડી ટુ ડી) પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓ માટે તથા વર્ષ ૨૦૧૫-૧૬, વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮માં સહાય મેળવનાર વિદ્યાર્થીઓ માટે બીજા/ત્રીજા/ચોથા વર્ષની રીન્યુઅલ સહાયનો લાભ મેળવવા http://mysy.guj.nic.in પર તા. ૦૧/૦૯/૨૦૧૮ થી તા. ૩૦/૧૧/૨૦૧૮ના સમયગાળામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. વિદ્યાર્થીઓએ ઉપર જણાવેલ સમયગાળામાં ઓનલાઈન રજીસ્ટ્રેશન તથા હેલ્પ-સેન્ટર ખાતે દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે. જો વિદ્યાર્થી ઓનલાઈન અરજીના ૪૫ દિવસમાં કાર્યવાહી પુર્ણ ન કરે તો રજીસ્ટ્રેશનથી માંડીને તમામ કાર્યવાહી પુનઃ કરવાની રહેશે. આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૧૭૬ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ માટેની જરૂરી સુચના તથા યોજના સંબંધિત તમામ વિગતો ઉપર જણાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના અંગેની વધુ માહિતિ હેલ્પ લાઈન નં: ૦૭૯- ૨૬૫૬૬૦૦૦ / ૭૦૪૩૩૩૩૧૮૧ પરથી મળી શકશે.

નોંધ.: ગુજરાત રાજ્યની કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય અને તેમાં રીસફ્લીંગ કરવા માંગતા વિધાર્થીઓએ તેઓનો પ્રવેશ કન્ફર્મ થાય ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે.

સીઈઓ,કેસીજી

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૧૨૫/૨૦૧૮-૧૯